ગાંધીનગર સમાચાર



# બેંકો ધિરાણની રિકવરી પર વિશેષ ધ્યાન કેન્દ્રીત કરે

## જિલ્લાની બેંકર્સ સાથેની બેઠકમાં કલેક્ટર રવિશંકરે સરકાર સહાયિત યોજનાઓના ધિરાણ માટે નકારાત્મક અભિગમ છોડવા બેંકોને આગ્રહ કર્યો : કૃષિક્ષેત્રે ધિરાણ વધે તે પણ જરૂરી

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર જિલ્લામાં બેંકોને તેમની રિકવરી માટે વિશેષ ધ્યાન કેન્દ્રીત કરવુ જોઈએ એટલું જ નહિ પરંતુ આ રિકવરી અભિયાનમાં નાના માણસને ખોટી રીતે હેરાન ન કરાય તે પણ ધ્યાને રાખવા પર આજે જિલ્લા કલેક્ટર શ્રી રવિશંકરે વિશેષ ભાર મુક્યો હતો.

ગાંધીનગર જિલ્લાની બેંકર્સ સલાહકાર સમિતિની બેઠકને સંબોધતાં તેમણે બેંકો દ્વારા કરાયેલા ધિરાણની સમીક્ષા કરતાં જણાવ્યું હતું કે સરકારની સહાયથી ચાલતી વિવિધ સ્વરોજગારીના ધંધાર્થીઓના ધિરાણમાં બેંકો જે નકારાત્મક વલણ

● અનુસંધાન પાન-૭ પર

## પ્રધાનમંત્રી જીવન જ્યોતિ અને સુરક્ષા યોજના અંતર્ગત ૪૦ દાવાઓનો નિકાલ કરાયો

ગાંધીનગર, તા. ૧૭

પ્રધાનમંત્રી જીવનજ્યોતિ યોજના તેમજ પ્રધાનમંત્રી સુરક્ષા યોજના અંતર્ગત ગાંધીનગર જિલ્લામાં ૪૦ જેટલા દાવાઓ મંજૂર કરવામાં આવ્યા છે. પ્રધાનમંત્રી જીવન જ્યોતિ યોજના અને પ્રધાનમંત્રી સુરક્ષા યોજના એ સામાજિક સુરક્ષા ક્ષેત્રે જાહેર કરેલ યોજનાઓનો અમલ ચાલુ નાણાંકીય વર્ષથી થયો છે. જિલ્લામાં અટલ વીમા યોજનાને હજુ જોઈએ તેટલો પ્રતિસાદ નથી મળ્યો તેને લઈ આજે મળેલ બેંકર્સ સલાહકાર સમિતિની બેઠકમાં પણ ચિંતાની લાગણી વ્યક્ત કરવામાં આવી હતી.

જિલ્લામાં આ ત્રણે સુરક્ષા યોજના અંતર્ગત ૧,૬૬,૦૫૫ લોકોને આવરી લેવામાં આવ્યા છે. આ દિશામાં સઘન કામગીરી બેંકો દ્વારા કરવામાં આવે તે માટે જિલ્લા કલેક્ટરશ્રી રવિશંકરે વિશેષ આગ્રહ કર્યો હતો. આ બન્ને યોજના અંતર્ગત દાવેદારોને રૂ. બે લાખ ચુકવવામાં આવ્યા છે. આ ક્લેઈમ રજુ થયાના પંદર દિવસમાં જ ચુકવાયા હોવાનું બેઠકમાં જણાવાયું છે.



પતંગોત્સવ - ગુજરાતનું લોકપ્રિય પર્વ ઉત્તરાયણ... હવે ગણતરીના દિવસોમાં જ આવે છે ત્યારે પતંગ પ્રેમીઓમાં ભારે ઉત્સાહ અને ઉત્તેજના છે... પતંગ બજાર પણ તૈયારીઓ કરી રહ્યું છે... આગામી થોડા દિવસોમાં પતંગ બજાર ધમધમતુ થઈ જશે... દોરી અને પતંગ ખરીદીની પ્રક્રિયા આરંભાશે... આજકાલ દુકાનોમાં પતંગો આકર્ષક રીતે ગોઠવાઈ રહ્યા છે... નાના બાળકોમાં તો અત્યારથી જ પતંગ ચગાવવાની ઉત્સુકતા જોવા મળી રહી છે... ક્યાંક તો આકાશમાં પતંગો ચગતા પણ જોવા મળી રહ્યા છે....

# શહેરમાં પવનના જોર સાથે કોલ્ડવેવ યથાવત

ગાંધીનગર, તા. ૧૭

શહેરમાં છેલ્લા એક સપ્તાહથી ઠંડીનો કહેર યથાવત છે. ગત દિવસોમાં લઘુત્તમ પારો ૭ ડીગ્રીએ પહોંચી જતા સિઝનની રેકર્ડ બ્રેક ઠંડીનો અહેસાસ શહેરીજનોએ કર્યો હતો. આજે ઠંડીનો પારો ૧ ડીગ્રી ઊંચો જતા નગરજનોએ અંશતઃ રાહત અનુભવી હતી. જો કે લઘુત્તમ તાપમાન ૯.૨ ડીગ્રી રહ્યું હતું. ઠંડીની સાથે પવનનું જોર વધારે હોવાથી શહેરીજનો ધ્રુજારો અનુભવી રહ્યા છે.

ગ્રીનસીટીમાં ઠંડીની મૌસમ નિખરતા રોજીંદા જનજીવન પર વિપરિત અસર વર્તાઈ રહી છે. ઠંડીનો પારો ૧૦ ડીગ્રીની અંદર રહેતા દિવસે પણ ઠંડીનો અહેસાસ થઈ રહ્યો છે. છેલ્લા ત્રણ ચાર દિવસથી ઠંડીના પારામાં કાંઈ ખાસ ચઢ-ઉતાર નથી. અલબત્ત લઘુત્તમ તાપમાનમાં એકાદ

**લઘુત્તમ તાપમાન ૯.૨ ડીગ્રી**

ડીગ્રીનો જ ફેરફાર જોવા મળે છે. અસહ્ય ઠંડીના લીધે સિનિયર સિટીઝન્યની હાલત પણ કફોડી બની છે. જયારે ખુલ્લામાં રહેતા શ્રમજીવીઓ પણ ઠંડીથી ત્રાહીમામ

● અનુસંધાન પાન-૭ પર

# વ્યવસાય વેરાની વસુલાત માટે તાકીદ

## જિલ્લામાં ૩૬ કરોડથી વધુ વ્યવસાયવેરાની વસુલાત બાકી હોવાથી કરાયેલી તાકીદ

ગાંધીનગર, તા. ૧૭

જિલ્લામાં વ્યવસાય વેરાની તેમજ મહેસુલી વેરાની વસુલાત અસરકારક બને તેના પર વિશેષ ધ્યાન આપવાની કડક તાકીદ વિકાસ કમિશનર શ્રી દ્વારા કરવામાં આવી છે.

જિલ્લામાં વ્યવસાયવેરાની નબળી વસુલાત અંગે ગઈકાલે યોજાયેલ વિડીયો કોન્ફરન્સમાં સખ્ત નારાજગી વ્યક્ત કરવામાં આવી હતી તેમજ વ્યવસાય વેરાની વસુલાત માટે અભિયાન હાથ ધરવુ જોઈએ તેવી કડક તાકીદ કરવામાં આવી હતી.

જિલ્લામાં વ્યવસાય વેરાની વસુલાત રૂ. ૩૬ કરોડથી પણ વધુ બાકી હોવાનું જાણવા મળેલ છે. જયારે નવા વ્યવસાયકારોને શોધવા માટેની કામગીરી પણ અત્યંત ધીમી ચાલતી હોવાનું ચિત્ર ઉપસ્યુ છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં ગત વર્ષની વસુલાત પણ ઘણી મોટી બાકી રહી હતી.

● અનુસંધાન પાન-૭ પર

# ૧લી જાન્યુઆરી સુધીમાં જિલ્લાના તમામ ગામોનો "વિકાસ યોજના" તૈયાર કરાશે

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર જિલ્લાના તમામ ગામોનો વિલેજ ડેવલપમેન્ટ પ્લાન બનાવવામાં આવશે અને તે મુજબ જ ૧૪મા નાણાંપંચની ગ્રાન્ટમાંથી વિકાસના કામો હાથ ધરી શકાશે.

જિલ્લામાં વિલેજ ડેવલપમેન્ટ પ્લાન ૧લી જાન્યુઆરી સુધીમાં તૈયાર કરી લેવાના રહેશે તેમજ તેની ડેટા એન્ટ્રી પણ ૧૫મી જાન્યુઆરી સુધીમાં કરવાની રહેશે.

રાજયના વિકાસ કમિશનરશ્રીની કચેરી દ્વારા વિકાસ પ્લાનમાં દર્શાવેલા કામોનું સતત મોનીટરીંગ પણ કરવામાં આવશે. વિકાસનો લાભ છેવાડાના માનવી સુધી પહોંચે તે દિશામાં આ મહત્વનું પગલુ ગણવામાં આવી રહ્યું છે.

**વિકાસ યોજના મુજબ જ ૧૪મા નાણાંપંચના નાણાંનો ખર્ચ કરી શકાશે : સરકાર મોનીટરીંગ કરશે**

મળતી વિગતો પ્રમાણે ગઈકાલે વિકાસ કમિશનરશ્રીએ આ ડેવલપમેન્ટ પ્લાન દરેક ગામનો તૈયાર કરવા માટેની વિશેષ સૂચનાઓ પણ ખાસ વિડીયો કોન્ફરન્સ કરીને આપી છે. હવે જિલ્લાતંત્ર દ્વારા હવે દરેક ગામનો વિલેજ ડેવલપમેન્ટ પ્લાન તૈયાર કરવાની કવાયત હાથ ધરવામાં આવશે.

મળતી વિગતો પ્રમાણે વિલેજ પ્રોફાઈલ તૈયાર કરાયા બાદ હવે વિલેજ ડેવલપમેન્ટ પ્લાનમાં ગામમાં કઈ-કઈ સુવિધાઓનો અભાવ છે અને કયા કામો હાથ ધરવાનું

● અનુસંધાન પાન-૭ પર

# વાવોલમાં ૪ કરોડના ખર્ચે માર્ગ નિર્માણ કરાશે

## વાવોલથી ઉવારસદને જોડતા આંતરિક માર્ગનું પણ કામ પૂર્ણ કરાશે

ગાંધીનગર, તા.૧૭

ગુડા દ્વારા વાવોલમાં રસ્તાના કામો શરૂ કરવામાંઆવશે. જેમાં વાવોલથી ઉવારસદ માર્ગને જોડતા ૪૫ મીટરના માર્ગ ઉપરાંત ખુલ્લા થયેલા અને ખેડૂતો દ્વારા પઝેશન આપી દેવાયા હોય તેવા આંતરિક રસ્તાઓનું કામ પણ હાથ ધરાશે. માર્ગ નિર્માણની કામગીરીમાં અંદાજિત રૂ. ૪ કરોડનો ખર્ચ કરવામાં આવશે.

શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા ગુડા વિસ્તારમાં વિકાસના નીતનવા પ્રોજેકટનું કામ હાથ ધરવામાં આવે છે. રાયસણ, અડાલજ અને ચિલોડામાં આવાસ યોજના તૈયાર કરાયા બાદ હવે ટુંક સમયમાં કુડાસણમાં પણ એમ.આઈ.યુ. આવાસ યોજનાનું કામ શરૂ કરાશે. વિકાસના નવીન પ્રોજેકટ ઉપરાંત ગુડા વિસ્તારમાં આગામી દાયકાને ધ્યાને લઈ માળખાગત સુવિધાના કામો પણ શરુ કરવામાં આવ્યા છે. ગુડા વિસ્તારમાં પાણી, ગટરની સુવિધા પુરી પાડવા ઉપરાંત ટી.પી. વિસ્તારમાં તબક્કાવાર રસ્તાઓનું કામ પણ હાથ ધરવામાં આવે છે.

ગુડા દ્વારા વાવોલમાં પણ રસ્તાના કામો શરૂ કરી દેવાયા છે. જયારે ટુંકમાં વાવોલ ગામથી ઉવારસદ રોડને જોડતા રસ્તાનું પણ કામ હાથ ધરાશે. ૪૫ મીટરના આ માર્ગનું નવીનીકરણ કરવામાં આવશે. આ ઉપરાંત અન્ય રસ્તાઓના કામ સંદર્ભે પણ ખેડૂતો દ્વારા કબજો સોંપી દેવાયો હોય તેવા કિસ્સામાં પણ રસ્તાઓનું કામ હાથ ધરાશે. વિકાસના નવીન આયામો ઉપરાંત ગુડા વિસ્તારમાં માળખાગત સુવિધાના કામોને પૂર્ણ કરવા પણ તંત્ર દ્વારા આયોજન કરવામાં આવ્યું છે. વાવોલ વિસ્તારમાં માર્ગ નિર્માણની કામગીરી પાછળ અંદાજિત રૂ. ૪ કરોડનો ખર્ચ કરવામાં આવશે.


**શ્રદ્ધાંજલિ**



સ્વ. પ્રતાપલક્ષ્મી મધુસૂદન ભટ્ટ
સ્વર્ગવાસ તા. ૧૪-૧૨-૨૦૧૫

जातस्य हि ध्रुवो मृत्यु-
र्ध्रुवं जन्म मृतस्य च।
तस्मादपरिहार्येऽर्थे
न त्वं शोचितुमर्हसि॥

મનુષ્ય જેમ જીર્ણ થયેલાં વસ્ત્રો ત્યજી દઈને નવાં ધારણ કરે છે તેમ દેહધારી આત્મા જીર્ણ થયેલા શરીરને ત્યજીને નવીન શરીર ધારણ કરે છે.
ભગવદ્ગીતા ૨-૨૭

સદ્ગતના આત્માને ચિર શાંતિ માટે પ્રાર્થના

પૂજા પાર્લર
બી-૮, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર,
સેક્ટર-૨૧, ગાંધીનગર



**જોઈએ છે**

શહેરની જાણીતી શૈક્ષણિક નિવાસી શાળા માટે હિસાબનીશ (Accountant) કોમ્પ્યુટર ટેલીના જાણકાર તેમજ સફાઈ કામદાર (સ્વીપર) તેમજ રેક્ટર જોઈએ છે. રૂબરૂ સંપર્ક કરવો.

સ્થળ : મહર્ષિ અત્રિ તપોવન
પેથાપુર-મહુડી રોડ, પીંપળજ, તા.જિ. ગાંધીનગર
સમય : સવારે ૯-૦૦ થી ૧૨-૦૦ વાગ્યા સુધી
ફોન નં. ૦૭૯-૨૩૨૭૮૩૨૨, ૯૮૨૪૯ ૨૫૯૨૪



**રેવન્યુ તલાટી ૨૪૮૦ જગ્યાઓ**

કૌશિક રોહિત : (PSI, Dyso, GPSC (પ્રિ), UPSC(પ્રિ)
સ્પીપા વગેરે પરીક્ષાઓ ઉર્તીણ) તથા ગાંધીનગરની સફળ ફેકલ્ટી દ્વારા યોગ્ય માગદર્શન
- પદ્ધતિસરની પરીક્ષાની તૈયારી સમય સવારે ૮ થી ૧ ફી ફકત ૬૦૦૦/-

સારથી એકેડમી પ્રાંતિજ સંચાલક : કૃપેશ બક્ષી મો.૯૯૦૯૭૮૭૮૦૧
એડ્રેસ :- ડૉ. રમણભાઈ પટેલના દવાખાનાની ઉપર, પ્રાંતિજ, ૭૩૮૩૯૬૨૨૩૮



**IndusInd Bank**

લોન... લોન... લોન...


જુના ટ્રક ૨૦૦૪ પછીના મોડલના જેવા કે ટાટા, અશોક લેલેન્ડ વગેરે ઉપર લોન મેળવો તથા જુના મહિન્દ્રા કેમ્પર, પિકઅપ, આઈશર વગેરે ૨૦૦૮ પછીના મોડલ પર લોન મેળવો...

● વિમાના ૮૫%* સુધી ધિરાણ ● સૌથી ઓછો વ્યાજદર*
● ઝડપી પ્રોસેસ ● સરળ દસ્તાવેજ વિધિ

૨૦૬, ગોલ્ડમાઈન જ્વેલ, ડીમાર્ટની બાજુમાં, સેક્ટર-૨૬, ગાંધીનગર
Mo. : 7043332254 (લોન બેન્કના નિયમને આધિન*)



**જાહેર આભાર**







શ્રી શંકરભાઈ ચૌધરી
(માન. મંત્રીશ્રી ગુજરાત સરકાર)


પટેલ અણદાભાઈ રામાભાઈ
ચેરમેનશ્રી, એ.પી.એમ.સી., થરા
ડીરેક્ટરશ્રી, બનાસડેરી, પાલનપુર

બનાસડેરીની પ્રતિષ્ઠાભરી ચૂંટણીમાં 'આપણી પેનલ'ને જંગી બહુમતી સાથે વિજયી બનાવવા બદલ તાલુકા-જિલ્લાના તમામ મતદારો તેમજ બનાસકાંઠાના પ્રભારી મંત્રીશ્રી રમણભાઈ વોરા, પ્રદેશ ભાજપ મહામંત્રી શ્રી કે. સી. પટેલ, જિલ્લા ભાજપ પ્રભારી દુષ્યંતભાઈ પંડ્યા, જિલ્લા ભાજપ પ્રમુખશ્રી કેશાજી ચૌહાણ સહિતના ભાજપના હોદ્દેદારો, કાર્યકરો, જીલ્લાના તમામ સહકારી અગ્રણીઓ, કાંકરેજ તાલુકાના દૂધ મંડળીના ચેરમેન-મંત્રીશ્રીઓ અને પશુપાલકો તેમજ 'આપણી પેનલ'ને વિજયી બનાવવા સાથે સહકાર આપનાર નામી-અનામી તમામ વ્યક્તિઓનો અમો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરીએ છીએ....

લિ.
ભૂપતાજી ઠાકોર — વાઈસ ચેરમેનશ્રી
હસમુખભાઈ ચૌધરી — સેક્રેટરી
એ.પી.એમ.સી. માર્કેટયાર્ડ થરાના તમામ સભ્યો



**જાહેર આભાર**









શ્રી શંકરભાઈ ચૌધરી (માન. મંત્રીશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ)
શ્રી હરિભાઈ ચૌધરી (સંસદ સભ્યશ્રી, બનાસકાંઠા)
શ્રી રમણભાઈ વોરા (માન. મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા)
શ્રી અણદાભાઈ આર. પટેલ (ચેરમેનશ્રી, એ.પી.એમ.સી. - થરા)

બનાસડેરીની પ્રતિષ્ઠાભરી ચુંટણીમાં 'આપણી પેનલ'ને જંગી બહુમતી સાથે વિજયી બનાવવા બદલ જિલ્લાના તમામ મતદારો તેમજ બનાસકાંઠાના પ્રભારી મંત્રીશ્રી, રમણભાઈ વોરા, પ્રદેશ ભાજપ મહામંત્રીશ્રી કે. સી. પટેલ, જિલ્લા ભાજપ પ્રભારી દુષ્યંતભાઈ પંડ્યા, જિલ્લા ભાજપ પ્રમુખશ્રી કેશાજી ચૌહાણ સહિતના ભાજપના હોદ્દેદારો, કાર્યકરો, જિલ્લાના તમામ સહકારી અગ્રણીઓ, દૂધ મંડળીઓના ચેરમેન-મંત્રીશ્રીઓ અને પશુપાલકો તેમજ 'આપણી પેનલ'ને વિજય બનાવવા સાથ-સહકાર આપનાર નામી-અનામી તમામ વ્યક્તિઓનો અમો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરીએ છીએ....

લિ.
અણદાભાઈ આર. પટેલ



ADITYA BIRLA GROUP

લીકેજ-મુક્ત ઘરો માટે

UltraTech SEAL & DRY Total Waterproofing Solution
Waterproofing ka champion

શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT — Kisan — ashirvad — BENELAVE — DR. FIXIT — TATA STEEL • PIPES • SHEETS — VINAYAK 500 TMT BARS - ISI

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com